સાલ : ૮ / સિલસિલાવાર નંબર : ૯૧ / શુમારો : ૭

بسم الله الرحمن الرحيم

કુલ પાના - ૧૨

مشكوة الهادي

Mishkaat-ul-Haadi

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

તા. ૧ રજબુલ અસબ ૧૪૩૨ હિ., ૨-૬-૨૦૧૧

# -::: ખેડૂત, ખેતર અને ખેતી :::-

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં સૂરતુશ્શૂરામાં ફરમાવે છે કે, “જે શખ્સ દુનિયાની ખેતીને ચાહે, તો હમેં એને તેમાંથી કઈ આપી દઈએ છીએ અને એના વાસ્તે આખેરતમાં કઈ જ હિસ્સો નથી. જે શખ્સ આખેરતની ખેતીને ચાહે, તો હમેં એની ખેતીમાં બરકત અતા કરીએ છીએ, વધારો અને નફો કરી આપીએ છીએ. જે કાફિરો અને મુશ્રિકો એવા દીનને હક્ક માની બેસા કે, જેનો અલ્લાહતઆલાએ હુકમ કીધો જ નથી તો તેઓએ પોતાની ઝાત પર ઝુલ્મ કીધો અને ઝાલિમો વાસ્તે તો અઝાબે અલીમ છે. જે શખ્સ આખેરત વાસ્તે ખેતી કરે છે, એ ઈમાન રાખવામાં અને અમલે સાલેહ કરવામાં પાકા અને પુખ્તા છે, કેમકે, એના વાસ્તે જન્નતોના બાગાત છે. માલ અને ઔલાદ દુનિયાની ખેતી છે અને ઈમાન સાથે અમલે સાલેહ આખેરતની ખેતી છે.”

દુનિયાની ખેતીમાં કઈ તરહ ફિત્નો-ફસાદ છે અને આખેરતની ખેતીમાં કઈ તરહ સુલેહ અને સુકૂન છે તે નીચે આપેલી બે મિસાલોથી સાબિત થાય છે. મોટા અઝીમ મુલ્કનો એક સરદાર હોય છે જેના મુલ્કમાં આઅલામાં આઅલા ખેતી અને ઉમદામાં ઉમદા ફસલ થાય છે. **તમામ ખેડૂતો પોતાના સરદારના તાબેઅ અને ફરમાઁબરદાર હોય છે.** હર ખેડૂત પોતાની ફસલ સરદારને સિપુર્દ કરી દે છે કે, સરદારની કોશિશથી એમને ઝિયાદહમાં ઝિયાદહ નફો હાસિલ થાય. તેમાંથી એક ખેડૂત પર શયતાન સવાર થાય છે અને એ સરદારથી બગાવત કરે છે અને એના હમખયાલો સાથે મિલીને વધારે નફો હાસિલ કરવાની લાલચમાં પોતાની ફસલ પોતે વેચવાની કોશિશ કરે છે. બગાવત કરનાર ખેડૂતોને ઈબ્તેદામાં ફક્ત નફાનો એહસાસ થાય છે, પણ થોડા વક્તમાં જ સરદાર સાથે રિશ્તો તૂટવાના સબબ તેઓને ભારે નુકસાન થાય છે અને આહિસ્તા-આહિસ્તા તેઓના ખેતરો વિરાન અને બંજર થઈ જાય છે અને ઔલાદની હાલત ખસ્તા-ખરાબ થઈ જાય છે. જે ખેડૂતો સરદારની સરદારીને કુબૂલ કરે છે, તેઓ બેઈન્તેહા નફો હાસિલ કરે છે અને પોતાની ઔલાદમાં પણ આ ફૈઝ જારી રહે છે.

યહાઁ ફરમાઁબરદાર ખેડૂત એ એક આકિલ મુમિન છે, ખેતર તે એની ઈમાનની ઝમીન છે અને ફસલ તે એના આઅમાલ છે. એના સરદાર એ દાઈએ હક્ક છે, જેની રઝામંદીમાં મુમિનની તરક્કી છે અને આખેરતમાં નેઅમતો છે. નાફરમાન ખેડૂત એ મુનાફિક છે, ફિત્નાખોર શયતાન છે, ઘમંડી ઈબ્લીસ છે, જે પોતાના રૂહાની સરદાર દાઈએ હક્ક સાથે બગાવત કરીને, પોતે સરદાર બનવાની બેવકૂફીમાં પોતાના ખેતરને ખસારા અને નુકસાનની આગમાં ઝોંકી દે છે. મુમિન પોતાના ખેતરમાં તનતોડ મહેનત કરે છે, જેથી એના પર સરદારની કરમબખ્શી થાય અને ફસલ ઉગા બાદ એને બેહિસાબ નફો હાસિલ થાય. **સરદારથી હાસિલ થાનાર નફો સુલેહ અને સુકૂન આપનારી હમેશાની આખેરત જેવી ખેતી છે** અને સરદાર સિવાય ફિત્ના અને લાલચના ઝરીએ નફો આપનારી ખેતી, તે ફના થાનારી દુનિયા જેવી ખેતી છે.

બીજી જાનિબ, એક ખેડૂતને ખેતરની ઝરૂરત પડી. ખયાલ કરે છે કે, નવો તજરૂબો કરીએ, તેથી ખેતર પોતાના શહેરનાં ઈલાકામાં નહીં પણ કોઈ બીજી જગા દૂર ઈલાકામાં એ ગયો. ખેતર ઉપરથી ઘણું ખૂબસૂરત લાગું, આસપાસનો માહૌલ દિલકશ લાગો. એ ખેડૂતે નક્કી કીધું કે, ખેતર લેવું તો આ જ લેવું, ભલે ને સફરની તકલીફ પડે. બધી જ મશક્કત ઉઠાવી લઈશું. બાદમાં ખબર મિલી કે, ભલે ખેતરનો નઝારો ખૂબસૂરત છે પણ તે એટલું ઉપજાવ

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**જે કોઈ શખ્સ ઈસ્તિગ્ફાર કરશે એ હર ગમ અને હર મુશ્કિલથી નજાત હાસિલ કરશે.**

*(પેજ નં. ૧ નું બાકી)* ***ખેડૂત, ખેતર અને ખેતી.....***

નથી અને તેમાં ખેતીથી કઈ વધારે નફો થાશે નહીં. ખેતર બીજા લોગોના ઈલાકામાં છે, ત્યાંના કાયદા-કાનૂન અલગ છે, તકલીફ પડશે અને ત્યાંની આબોહવા પણ તબીઅતને રાસ નહી આવે. શહેરના નઝદીક જ ખેતર લેવામાં અકલમંદી છે. ખેડૂતને ખયાલ હતો કે, ભલે શહેરને નઝદીક મારા લાયક ખેતર છે પણ મને નવો તજરૂબો કરવો છે, શહેરથી દૂર બીજી ઝમીનમાં ખેતી કરવી છે. ખેડૂત પોતાના ફેસલા પર જ અટલ રહે છે, જલ્દબાઝીથી ખેતર ખરીદી લે છે. ખરીદતી વકત લોગોમાં ખૂબ મુઝાહેરો કરે છે, પોતાના ફેસલાને સાચો સાબિત કરવાની પૂરી કોશિશ કરે છે.

ખેડૂતને પૂછવામાં આવે છે કે, ભાઈ! આટલી જલ્દબાઝી શું કામ ? એ કહે છે કે, ચોમાસુ કરીબ છે તેથી જો ખેતરનો કબ્ઝો મિલી જાય તો જલ્દી જલ્દી આ વકતનો ફાયદો લઈ લેવાય અને ફસલ ખૂબ જલ્દી ઉગી જાય, મને ખેતર ઘણું જ ઉમ્દા લાગે છે. એના શહેરના આકિલ સંજીદાહ તજરૂબેકાર બુઝુર્ગો એને સલાહ આપે છે કે, ભાઈ, તું ખેતર ખરીદવાની જલ્દી ન કર, ફસલ વાસ્તે તું હમણા ન સોચ ! **તું આ ફનમાં નવો છે, ખેતર શું, તેનો કબ્ઝો શું અને તેના સરકારી કાગઝાતની એહમીયત શું, તે બધું હમેં વરસોથી જાણીએ છીએ.** બુઝુર્ગો એને ખૂબ સલાહ અને મશવરો આપે છે. પણ ખેડૂત એની બેવકૂફી અને કમઅકલીમાં ખેતરના માલિક સાથે સોદો કરી લે છે અને પૂરી રકમ ચુકવી દે છે. આપસમાં વાઅદો-મીઆદ થાય છે, ખેતરનો દસ્તાવૈઝ બાકી રહી જાય છે અને ખેડૂતને ખેતરનો કબ્ઝો મિલી જાય છે, જેથી એ જલ્દીથી ખેતરમાં ખેતીની કાર્યવાઈ શુરૂ કરી દે છે.

ખેતીની પુરજોશ તૈયારીઓ ચાલતી હોય છે કે, ખેડૂતને ખયાલ આવે છે કે, લાવ ! હવે મેં આ મારા ખેતરનો દસ્તાવૈઝ કરવા સરકારી કચેરીમાં અરઝ કરૂં. ખેડૂત એ સોચીને જાય છે કે, જે કાયદા-કાનૂન એના શહેરના છે તે જ કાયદા તે જગાના પણ હશે, જ્યાં નવું ખરીદેલું એનું ખેતર છે. સરકારી અમલદારો કહે છે કે, ભાઈ ! આ ઈલાકાની ઝમીન યા ખેતરનો દસ્તાવૈઝ કરવો હોય તો યહાઁના કાનૂન મુજબ થાય, જે તમારા શહેરના કાનૂનથી અલગ છે. ખેડૂત કહે છે કે, મારા અને મારા ખેતરનો જે માલિક હતો તેના દરમિયાન વાઅદો થયો છે, હું આ ખેતરનો કબ્ઝેદાર છું. અમલદારો કહે છે કે, આ ઈલાકાના કાનૂન મુજબ જ તમને માલિકીનો હક્ક મિલશે. તમેં તો તમારી સગવડ મુજબ કોઈના સાથે પણ કઈ પણ વાઅદો કરો, યહાઁ તક કે, પૂરૂં હિન્દુસ્તાન ખરીદ-વહેચાણ કરી લીધાનો તમેં કરાર કરી લો, તો શું હિન્દુસ્તાન તમારૂં થઈ જાય ! તમારી કોઈ પણ તરહની સમજૂતી સરકાર કુબૂલ કરશે નહીં, આ જંગલરાજ થોડું છે. **તમામ વાસ્તે એક જ કાયદો છે અને તેના માતહત જ તમારી માલિકીના દસ્તાવૈઝ બનશે.**

આ મિસાલ વાસ્તે કુરઆને કરીમમાં બયાન છે કે, તમારા બૈરો તમારા વાસ્તે ખેતી છે. તમેં એવા પરહેઝગાર, ઈમાનદાર બૈરો સાથે નિકાહ કરો જેના સબબ તમારી ફસલ નૈક ઔલાદની શિક્લમાં ઉગે. યહાઁ, ખેડૂતનું શહેર તે મુમેનીનની જમાઅત છે. શહેરનું બહેતરીન ખેતર તે એક ઈમાનદાર દીકરી છે. શહેરથી દૂર બીજા ઈલાકાનું ખેતર તે ગૈર જમાઅતની નાઅહલ ફાકેરાહ દીકરી છે. જલ્દબાઝી કરનાર ખેડૂત એ કમઅકલ અને નાદાન શખ્સ છે જે પોતાની જમાઅતની દીકરીઓ સિવાય ગૈર દીકરી સાથે રિશ્તો કરે છે, યાઅની ખેતર ખરીદે છે, જે બાહરથી તો ખૂબસૂરત છે પણ ખેતી વાસ્તે ફાયદામંદ નથી, યાઅની ઔલાદની તરબીયત ઈમાન પર નહી થાય તેનો પૂરો ખતરો છે. **ખેતી કરવામાં જલ્દબાઝી કીધી, યાઅની એ ગૈર અહલ દીકરીને બરાબર તાઅલીમો તરબીયત ન આપી અને શાદી વાસ્તે જલ્દી કીધી.** શહેરના બુઝુર્ગની વાત ન માની, યાઅની જમાઅતના સરદાર દાઈએ હક્કની વાત ન માની અને દસ્તાવૈઝ બનાવા બગૈર ખેતી શુરૂ કરી દીધી, યાઅની દીકરીને શરીઅતના કાયદા અને ઈસ્માઈલી-તૈયેબી અકીદાને ખિલાફ, જમાઅતમાં દાખિલ કીધા બગૈર, ઈમાનનો મીસાક આપા બગૈર સંસાર શુરૂ કરી દીધો. સરકારી કાગઝાત હોય તો ઝમીનની

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**તકદીર અને રોઝી પર કોઈનો કાબૂ નથી. મુકદ્દર અને કિસ્મતનો માલિક ખુદાતઆલા છે.**

(પેજ નં. ૨ નું બાકી) **ખેડૂત, ખેતર અને ખેતી.....**

માલિકી અને તેનો ઈસ્તેમાલ કાનૂની તૌર પર જાઈઝ છે, તે જ મુજબ ઈમામુઝઝમાન (અ.સ.) ના વસીલા સાથેની દોઆના ખુત્બાનો નિકાહ આપના દાઈની રઝાથી હોય તો શરીઅતની નઝરમાં તે નિકાહ પાકદામન દીકરી સાથે સંસાર ઈબ્તેદા કરવાની જાઈઝ ઈજાઝત છે. આના સિવાયનો હર અમલ હરામ છે અને ખુલ્લી ઝિના છે.

દાઅવતે હાદીયાહ અલવીયાહના કાનૂનને માતહત જે વક્ત કોઈ ગૈર જમાઅતની દીકરી અલવી જમાઅતમાં દાખિલ થાવા તૈયાર થાય છે અને દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ની રઝાથી જમાઅતના જ કોઈ દીકરા સાથે નિકાહ કરવાનો ઈરાદો કરે છે, તો પહેલા એક અહમ દસ્તાવૈઝ તૈયાર કરવામાં આવે છે. જેમાં દીકરી એમ ઈઝહાર કરે છે કે, એ પોતે પોતાની ઝાતથી અલવી બનવા ચાહે છે, તેમાં બીજા તરફથી કોઈ ઝુલ્મ, ઝબરદસ્તી કે લાલચ નથી. બીજું એ કે, **એની હવે પછીની ઝિંદગી એ અલવી જમાઅતના રસ્મો રિવાજ, ઇબાદતો અને અકીદાઓનું પાલન કરીને ગુઝારશે.** તે બાદ એની જિસ્માની તહારત-ખતાનત થાય છે, તે બાદ વુઝૂ શીખાવવામાં આવે છે, તે બાદ દાએરતે ઈસ્લામમાં દાખિલ થાવાનો ગુસ્લ કરાવવામાં આવે છે. જિસ્માની તૌર પર પાક થયા પછી એ દીકરીને બીજા ઝરૂરી ગુસ્લો સાથે નમાઝના અરકાન શીખાવવામાં આવે છે. તે બાદ બયઅતે ઈમામુઝઝમાન (અ.સ.) લઈને એને ઈમાનમાં દાખલો મિલે છે. તે બાદ જ એની નિકાહની કાર્યવાઈ કરવામાં આવે છે. મુમેનીન જો આ હિદાયત પર બરાબર અમલ કરે, **તો એ દીકરી વાસ્તે અને એમના ઘર વાસ્તે ખૈરીયત અને બહેતરી છે**, નહી તો જે ચીઝની ઈબ્તેદા જ નાપાકી પર થઈ હોય તો તે ઘરનો વહેવાર અને માહૌલ કેવો હશે તેનો અંદાઝો મુમેનીન પોતે જ લગાવી શકે છે. જો ખેડૂત જ જાહિલ, બેદરકાર, આલસૂ અને જલ્દબાઝ હોય તો ખેતરથી શું ઉમ્મીદ રાખી શકાય ? ★

**૪૩ માં દાઇએ મુત્લક સૈ.યૂસુફ નૂરૂદ્દીન સાહબ (ક.રૂ.)**

## -::: કસીદાહ મુનીરાહ :::-

બયાઁ કરતા હૂં કુછ એહવાલ ઈસ મૌલા કી અઝમત કા,
સિતારા જિસને ચમકાયા હે ઈસ અલ્વી જમાઅત કા,
સુના કરતા હૂં અકસર ઝિક્ર હઝરત કી ફઝીલત કા,
ઈબાદત ઔર તાઅત ઔર ઉનકી પાક સીરત કા,
મુબારક નામ સૈયેદના નૂરૂદ્દીં કા ઝબાઁ પર હે,
ભડક ઉઠતા હે જઝબા મેરે દિલ મેં ઉનકી ઉલ્ફત કા,
ગવાહી દે રહી હે આજ ભી તાઅમીર મસ્જિદ કી,
હસીંતર હો ગયા હે ઔર નકશા જિસ ઈમારત કા,
તસવ્વુર મેં મેરે આ જાતી હે વો શિકલે નૂરાની,
મેરી આઁખો મેં ખિંચ જાતા હે નકશા તેરી સૂરત કા,
કદમબોસી કા જઝબા મૌજઝન હો જાતા હે દિલમેં,
તો ગોશા ચૂમ લેતા હૂં મૈં આકર તેરી તુરબત કા,
તું વો ગુલ હે કે ખુશ્બૂ તેરી હર સૂ અબ ભી ફૈલી હે,
મોઅત્તર આજ ભી હે જિસસે યે ઐવાન દાઅવત કા,
ઝમાને મેં તું હે મશ્હૂર તૈતાલીસવાઁ દાઈ,
હકીકત મેં તું હે સરતાજ યે અલ્વી જમાઅત કા,
દિલાતેં હી રહેંગે યાદ તેરી કારનામેં યે,
બજેગા તા કયામત યૂઁહી ડંકા તેરી શોહરત કા,
ઈલાહુલ આલમીં તુઝસે હમારી ઈલ્તેજા હે યે,
રહે ફૂલાફલા યા રબ હમેશા બાગ દાઅવત કા,
રહેં ખુશ યે કે હમ સબ ઉનકી ખુશ્નૂદી કે તાલિબ હૈં,
કરમ ઉનકા હકીકત મેં હે બાઈસ ખૈરો બરકત કા. ★

**ઝઈફ લોગોનું તાકતવરથી અદાવત કરવું, એહમક લોગોનું હિકમતવાલાઓ સાથે અદાવત કરવું અને શર લોગોનું ખૈરવાલા સાથે અદાવત કરવું એવી તબીઅત છે કે જે બદલી શકાતી નથી.**

**ફાસિક, બદકાર અને બેઈમાન સાથે નફરત કરવી પણ જેહાદ છે.**

## -::: ખોરાકમાં ચરબી (fats) ની એહમીયત :::-

ખોરાકમાં ત્રણ ચીઝો એવી છે કે, જેનાથી અપની body તાકત અને energy હાસિલ કરે છે. 1) Carbohydrates 2) Proteins અને 3) Fats. Fats (ચરબી) અપના ખોરાકમાં એક important energy નું source છે. હાલના વકતમાં ખોરાકમાં કેટલું fat છે યા હોવું જોઈએ એ વાતની ફિકર લોગોમાં ઘણી વધી ગઈ છે. આજનું generation હવે fats ની મિકદાર (amount) જાણીને ખોરાક લેવાનું પસંદ કરે છે. Fats ના ફાયદાઓ પર પડદો પાડીને મેડીકલ સાયન્સે લોગોના ઝહેનમાં ઘણી જ ગલતફેહમીઓ ઉભી કીધેલી છે. જો અગર, હકીકતમાં ચરબી (fats) એટલી નુકસાનકારક હોત તો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) કોઈ વકત એમ ન ફરમાવતા કે, **જમવામાં સૌથી તૈયેબ ફાયદામંદ ચીઝ ગોશ્ત છે અને પીવામાં સૌથી તૈયેબ ચીઝ દૂધ છે. આ કલામ હર દૌરમાં અને હર વકતમાં સહી છે, સાબિત છે.**

હાલમાં ચંદ અય્યામ પહેલાના Times of India અખ્બારમાં તે ચીઝનો ખુલાસો કરવામાં આવેલો હતો કે, ફકત ગોશ્ત ખાવાથી દિલને નુકસાન થાતું નથી, ન તો cholesterol વાલી ચીઝો જમવાથી ખૂનમાં cholesterol વધે છે. ચરબી અને cholesterol થી ડરીને ડાયેટીંગ પર ઊતરી જાવું યા ખોરાકને અંદર ચરબીને ઘટાડી દેવું જિસ્મને નુકસાનકારક છે. આજે અખ્બારોમાં, Internet પર, TV પર fat થી બચવા લોગોને સલાહ આપવામાં આવતી હોય છે, મગર fats (ચરબી) જિસ્મ ને કઇ તરહ ફાયદામંદ છે તે જાણવું પણ ઘણું જ ઝરૂરી છે. તેના ફાયદા નીચે મુજબ છેઃ

1) Vitamin A, D, E, K, એવા વીટામીન છે કે, જેના absorption વાસ્તે ખોરાકમાં ચરબીનું હોવું ઘણું ઝરૂરી છે. આ vitamins આઁખ, Bones (હડકા) અને ખૂનના functioning વાસ્તે ઝરૂરી છે.

2) Brain (મગજ) માંથી જે નસો (nerves) જિસ્મને અંદર જાય છે; તેનું covering (કવચ) એક તરહની ચરબીથી બનેલું હોય છે.

3) 1 gm ચરબી નવ (9) કેલેરીઝ (calories) energy આપે છે. તેના મુકાબલામાં carbohydrate અને protein 4 કેલેરી આપે છે.

4) Body માં fat ની કમીને લીધે ચામડી સુકી અને કરચલીવાલી થઇ જાય છે, જો ખોરાકમાં બરાબર fat લેવામાં આવે તો એના જેવું cosmetic બીજું કોઇ નથી.

5) Body નું internal (અંદરૂની) functioning hormones થી ચાલે છે અને ઘણા બધા important hormones fats થી બને છે. જો ખોરાકમાંથી fats નિકાલી દેવામાં આવે, તો body નું internal functioning ખરાબ થઇ જાય છે.

6) Body ના cells (કોષો) ના structure નું foundation ચરબી નું હોય છે. Kidneys, Heart, Intestines (આંતરડા), અને આઁખ જેવા vital organs ને ચરબીથી cushion કરવામાં આવેલા છે.

7) આના સિવાય ચરબીના ઘટકો depression ને ઓછું કરે છે, memory (યાદ શક્તિ) ને વધારે છે. નાના બચ્ચાઓના growth વાસ્તે તે ઘણા ઝરૂરી છે.

એમ માની લેવું ગલત છે કે, ફક્ત ખોરાકમાં fats લેવાથી જ cholesterol વધે છે. ખુન ને અંદર cholesterol નું લેવલ (Level) તે ચીઝ પર વધારે dependent છે કે, ખોરાકમાં કઇ તરહના fats લેવાય છે. એવા પણ cases છે કે, જેમાં cholesterol નું level નોર્મલ હોવાને બાવુજૂદ heart ની બીમારી થાય છે. એવું પણ બને છે કે, જેમાં cholesterol level 300 થી ઝિયાદહ હોવાને બાવુજૂદ heart ને કોઇ તકલીફ થાતી નથી. Blood માં cholesterol ના level ને liver નું functioning નક્કી કરે છે. લેહાઝા, ફક્ત ચરબીથી ડરીને ખોરાકમાં બેતુકો (આડેધડ) બદલાવ કરવો જિસ્મને નુકસાનકારક સાબિત થઇ શકે છે. ★

**ક્લીનીક ટાઇમ :**

* **આરામ કલીનિક, આજવા રોડ** : બુધવાર અને રવિવાર : સવારે ૧૦:૩૦ થી ૧૨:૩૦ / જુમોઆ : સાંજે ૫ થી ૮
* **ધર્મજવાલા ફીઝીયો થેરાપી સેન્ટર, જહાંગીર પૂરા** : મંગલવાર / જુમેરાત / શનિવાર : સવારે ૧૧ થી ૧
* **વાસણા રોડ** : સોમવાર થી જુમેરાત અને શનિવાર : સાંજે ૫ થી ૮ ★

**કોઈ તંગદસ્તને મદદ કરવી, દોઆ કુબૂલ થાવાનો આઅલા નુસ્ખો છે.**

## -::: ખૂબસૂરતી : કોસ્મેટીક યા અસલી :::-

ઈન્સાન ની તારીખ, કલ્ચર અને સામાજીક રચના જેટલી જૂની છે એટલી જ જૂની એની cosmetics ને ઈસ્તેમાલ કરવાની આદતો છે. વકત અને ઝમાના મુજબ કોસ્મેટીક ચીઝોનો દેખાવ, તેના બનાવવાનો અને ઈસ્તેમાલ કરવાનો તરીકો હર નવા દિન બદલતો રહે છે. મગર, કેમીકલો થી બનેલી આ તમામ ચીઝોની રંગીની અને દિલકશીને પાછલનો મકસદ એક જ છે. ખૂબસૂરત દેખાવવું યા કોઈ ખામી, દાગ કે ખોડ હોય તેને નઝરોથી છુપાવવું. ઈન્સાન ની તબિયતમાં એ ચીઝ છે કે, લોગો એના તરફ જોઈ અને એની તાઅરીફ કરે, બીજા કરતા એનો દેખાવ હટીને હોવો જોઈએ. ખૂબસૂરતી બે તરહની હોય છે, એક તે કે જે આંખો થી દેખાય છે અને બીજી તે કે જે ઈન્સાનના કિરદાર યા character માં ઝલકે છે. **જે ખૂબસૂરતી દેખાય છે તેને કોઇ પણ ખરીદી શકે છે અને જે દેખાતી નથી તે ફકત અકલ, ઇલ્મ અને અદબથી હાસિલ થઇ શકે છે.** એમ કહી શકાય કે, એક ખૂબસૂરતી ઝાહિર છે અને બીજી બાતિન છે. બાતિની ખૂબસૂરતી બગૈર ઝાહિરી ખુબસૂરતી ઝિયાદહ વકત તક ચાલતી નથી, પણ બાતિની ખૂબસૂરતી કાયમી છે અને તે કોઈ વકત મિટતી નથી, યહાઁ તક કે તેને ઝાહિરી ખૂબસૂરતીની ઝરા પણ ઝરૂરત પડતી નથી. કોઈ શખ્સ યા બૈરો નઝરોથી તો બેહદ હસીન લાગે પણ જો એની ઝબાન અને કિરદાર દાગદાર હોય તો એના વાસ્તે હઝારો રૂપિયાની cosmetic ચીઝો કે બાહરી દેખાવ લાવનાર સાધનો નકમ્મા અને બેકાર સાબિત થાય છે. આનાથી બરખિલાફ, કોઈ બૈરો ઘણા જ સાદા અને માઅમૂલી લાગતા હોય પણ એની ઝબાનની સચ્ચાઈ અને કિરદારની સફાઈ કાયમી ખૂબસૂરતી વાસ્તે કાફી હોય છે.

શયતાન, નાપાક અને નજિસ છે અને જે લોગો પર શયતાન સવાર હોય છે, તેઓની આઁખોમાં પણ નાપાકી ઉતરી આવે છે. તેઓની નઝરો હર મનમોહક અને ખૂબસૂરત ચીઝ પર અટકી જાય છે અને તેઓ એમ સમઝે છે કે, હર ખૂબસૂરત ચીઝ હકીકતમાં ખૂબસૂરત છે, પણ આ ધોકો છે અને બદગુમાની છે. દુનિયા ઘણી જ ખૂબસૂરત લાગે છે પણ દીનદાર વાસ્તે તે એક ધોકો છે કેમકે એ જાણે છે કે, આખેરત ની ઝિંદગી ખુબસૂરતી થી ભરેલી છે. નઝરોથી જોએલી હર ચીઝને શરીઅતના આઈનામાં મુકવામાં આવે તો એની અસલી ખૂબસૂરતી માઅલૂમ થઈ શકે છે. કેમકે, આજના cosmetics એવા છે કે, બદસૂરતમાં બદસૂરત શિકલને પણ ચાંદની મિસિલ હસીન બનાવી દે છે, જેને જોઈને કમ્ઝોર અકલવાલા આસાનીથી ફિસલી જાય છે અને આજે તે ચીઝોની ફેકટરીઓ આના સબબ જ ધમધમી રહી છે.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **"તમેં ઝાહિરી ગુનાહ કરવાથી બચતા રહો અને બાતિનમાં પણ તમેં ગુનાહ ન કરો."** બાતિનના ગુનાહ કરવાનો અઝાબ ઝિયાદહ સખ્ત છે કેમકે, તે દિલ માં ઈમાનના હાલાત સાથે તઅલ્લુક રાખે છે. આ આયત પર ગૌર કરવામાં આવે તો સમઝી શકાય છે કે, ઈન્સાનની બાતિની ઝિંદગી એની ઝાહિરી ઝિંદગી કરતા ઝિયાદહ એહમીયત રાખે છે. લેહાઝા, બાહરી ખૂબસૂરતી કરતા અંદરૂની ઈમાન અને અખ્લાકની ખૂબસૂરતી ઈન્સાનની કામિયાબી વાસ્તે એક અહમ કિરદાર અદા કરે છે. જિસ્મના હુસ્નો જમાલ પર આજે ઈન્સાન એ તરહ સવાર છે કે, એને પોતાના અખ્લાકને સઁવારવાનો ખયાલ મનમાં આવતો નથી. કલાકો તક આજે લોગો Hair Saloon કે Beauty Saloon માં style અને colour બદલવા સેંકડો રૂપિયા ખર્ચીને કુરસી પર કૈદ થઈને બેસેલા નઝર આવે છે, પણ અફસોસ કે ઈલ્મ અને અખ્લાકની મહેફિલમાં થોડા વકત વાસ્તે બેસવું લોગોને ભારી પડે છે.

ઈન્સાન, જો નુકસાનવાલો કે કસૂરવાલો ન હોય તો એ ઈન્સાન કહેવાત જ નહીં! **આ નુકસાન કે કસૂર એના ચહેરા યા જિસ્મમાં નથી પણ એની જાનમાં છે, જેને દૂર કરીને જાનને ખૂબસૂરત બનાવવાની છે.** પણ જેહાલતમાં ઈન્સાન પોતાના જાનને ભુલીને જિસ્મને ખૂબસૂરત દેખાડવાની કોશિશોમાં એના કીમતી

*(બકીયાહ પેજ નં. ૬ પર)*

**હર શખ્સ પોતાના અમલનો ખુદ ઝિમ્મેદાર છે.**

*(પેજ નં. ૫ નું બાકી)* ***ખૂબસૂરતી : કોસ્મેટીક યા અસલી.....***

વકતને ઝાયેઅ કરી નાખે છે. ઈન્સાન નો કુસૂર મઆફ થાય તેની મગફેરત વાસ્તે અને નુકસાનને ફાયદા માં તબદીલ કરવા વાસ્તે અલ્લાહતઆલાએ ઈન્સાન ને એક ભલી રાહ બતાવેલી છે, જે અહલુલ બૈત (અ.સ.) ના મઝહબની રાહ છે. અહલુલ બૈત (અ.સ.) ફરમાવે છે કે, "અય મુમિન, દુનિયામાં તારા વાસ્તે બે રસ્તા છે, એક દુનિયાનો અને બીજો આખેરતનો રસ્તો છે. દુનિયામાં કામિયાબ થાવું હોય તો તુંને માલો દૌલત કામ લાગશે અને આખેરતમાં કામિયાબ થાવું હોય તો તુંને દુનિયામાં ઈલ્મો અમલ પર ચાલીને ઘણી ઈઝા, મહેનત, બલા અને તકલીફો ઉચકવી પડશે. **જેને દુનિયા મિલી એનો આખેરતમાં કોઇ નસીબો નથી અને જેને આખેરત મિલી એને હસનત અને કાયમી જન્નતી ખૂબસૂરતી મિલી.** દુનિયાની ખૂબસૂરતી ફના થાનારી છે જે મરનાર સાથે કબરમાં ખાકમાં મિલી જાશે. પણ બાકી રહેનારી ઝીનત જે તમારા જાનોમાં હશે તે અમલે ખૈરનો બદલો તો આખેરતમાં છે. તો અય મુમિન, તું આખેરત વાસ્તે હોંશ કર." આજે હર શખ્સે પોતાની ઝાતને સવાલ કરવો જોઈએ કે, એ આ બે રસ્તામાંથી કયા રસ્તાની મંઝિલ તરફ જાવાની કોશિશ કરી રહ્યો છે ?

Cosmetics લગાવીને લોગો પોતાના ચહેરા યા જિસ્મની બદસૂરતી છુપાવે તે હવે આમ વાત થઈ ગઈ છે, પણ મૌ. આદમ (અ.સ.) થી આજ તક અદલો હક્ક-ઈન્સાફો સચ્ચાઈ ના દુશ્મનો અલ્લાહના દીને ખાલિસ અને દીને કામિલની અસલી ખૂબસૂરતીને જૂઠ, બાતિલ અને બનાવટી રિવાયતો-બયાનોનું cosmetics લગાવીને બેખબર અને લાઈલ્મ લોગોને છેતરતા આવા છે. આજના આકિલ અને હુશિયાર શખ્સને ખબર છે કે સાબુ, ઓઈલ, પાઉડર, ક્રીમ, લોશનની ઝાહેરાતોમાં અલગ-અલગ નામ, રૂપ-રંગ અને ફોર્મ્યુલા બદલીને વરસોથી એક જ ચીઝને વારંવાર બાઝારોમાં પિરસવામાં આવી રહી છે. ખૂબસૂરત બનવાનું ઘેલપન લોગોમાં એટલી હદ તક છે કે, cosmetic companies રાતો રાત માલામાલ થઈ ગઈ છે. આ જ મુજબ લોગોને અસલી દીનથી ભટકાવવા અહલુલ બૈત (અ.સ.) ના તૈયેબી મઝહબના દુશ્મન, જાહિલોની કંપનીઓ પણ રોઝ નવા નુસ્ખા સાથે ઉભી થાય છે. આ મનફાવતા મઝહબી બયાનોની નકલી ખૂબસૂરતીથી અંજાઈને, છેતરાઈને લોગોના પગ ફિસલી જાય છે અને તેઓ અસલી મઝહબની ખૂબસૂરતીથી હાથ ધોઈ બેસે છે. ખુશ્બુદાર ફૂલ હમેશા સાદા અને થોડા હશે, પણ દેખાવના ફૂલ રંગીન અને ઘણા બધા હશે. અલ્લાહતઆલા ફરમાવે છે કે, **"તમેં હક્કને બાતિલનો લિબાસ ન પહેરાવો અને હક્કને ન છુપાવો, જો તમેં મુમેનીન માંથી હોવ."**

અલ્લાહતઆલાએ હમને મૌ. ફાતેમા ઝહરા (અ.સ.)ની મોહબ્બતો ઉલ્ફતની ખૂબસૂરતીથી નવાઝેલા છે. હમને આપનું નૂર બખ્શેલું છે જે દુનિયાના તમામ હુસ્નો જમાલ કરતા આઅલા છે. આપની નસ્લે અત્હરમાં અઈમ્મતે તાહેરીન (અ.સ.), હર ઝમાનમાં એના અકીદતમંદ મુમેનીનના અખ્લાકની ખૂબસૂરતીના સરચશ્મા છે, મુજસ્સેમા છે. હમેં તે તૈયેબો તાહેર મુમેનીનના ઝુમ્રામાંથી છે જેના સાથે બનાવટી કોસ્મેટીક ખૂબસૂરતીનો કોઈ તઅલ્લુક નથી, પણ હમારા હર અમલની સૂરત ફાતેમી ઈમામ સાથેના રૂહાની રિશ્તાના સબબ નૂરાની અને હસીન બની જાય છે. મુમેનીન વાસ્તે એના અમલની ખૂબસૂરતી માઅના રાખે છે, ન કે જિસ્માની ખૂબસૂરતી. પોતાના આઅમાલની સૂરત હસીન હોવાથી મુમિનને ઈમામુઝઝમાન (અ.સ.) નું નૂરાની દામન હાથ લાગે છે, ઈમામનું ખૂબસૂરત પડોશપણ એને હાસિલ થાય છે.

ચહેરાની ખૂબસૂરતી યા જિસ્માની જમાલ અલ્લાહ તરફથી દૈન હોય છે, પણ અખ્લાકની ખૂબસૂરતી ઈન્સાનના હાથમાં હોય છે. હર કોઈ તેને હાસિલ કરી શકતું નથી, કેમકે, આઅમાલ-અખ્લાકની પાકીઝગી ઘણી જ મુશ્કિલ છે જે અહલુલ બૈત (અ.સ.)ની વલાયત સિવાય મુમ્કિન નથી. જેમ હર ચીઝ સૂરજની ગરમીમાં શેકાઈને પાકી અને મઝબૂત બને છે, **તેમ મુમિન જહાઁ તક ઇમામુઝઝમાન (અ.સ.)ની મોહબ્બતની ગરમીને બરદાશ્ત નહી કરે, વહાઁ તક એને બાતિની ખૂબસૂરતી હાસિલ નહીં થઇ શકે.** એક વાર

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**ઈન્સાન પોતાના માઁના પેટથી નૈકબખ્ત અને કમબખ્ત બનીને આવે છે.**

## -::: સખ્તમાં સખ્ત કામ :::-

શરીઅત-મઝહબે હક્કનું પાલન કરવુ ઘણું જ સખ્ત-તરીન અને મુશ્કિલ કામ છે, મગર એના વાસ્તે હરગિઝ નથી જે યહાઁના ઘર (દુનિયા) માં સઈદ (નૈકબખ્ત) હોય અને વહાઁના ઘર (આખેરત) માં પણ સઈદ હોય. શરીઅત પર ચાલવું તે જ મોટામાં મોટી નૈકબખ્તી છે, સઆદત છે. શરીઅતમાં ઈન્સાની તબીઅત, આદત, ફિતરત યા જિબિલ્લત (ઝહેની અને જિસ્માની બનાવટ) ના ખિલાફ અકસર એહકામ છે, ફરમાનો છે જેના પર ઈન્સાનને ચાલવાનું છે. આ ફરમાનો ઉચકવામાં જ ઈન્સાનનો ઈમ્તેહાન છે, જેમાં સખ્તમાં સખ્ત ઈમ્તેહાન દાઅવતે હક્કની પૈરવી અને તાબેઅદારી કરવી છે. જે ચીઝો ઈન્સાન વાસ્તે કસોટી મુજબ છે, તે છે, સખ્ત ભૂખ-પ્યાસમાં રોઝૂં રાખવું, સખ્ત ઠંડીમાં વુઝૂ કરીને પાક થાવું, દુનિયાના લોગો સૂતા હોય તે વકત ઉંઘ મુકીને રાતમાં નમાઝ પઢવી, માલ કમ હોય તો પણ વાજિબ હુકૂક અદા કરવા, શહેવત અને ખ્વાહેશાતનો હમ્લો થાય તે વકત નફસને કાબૂમાં રાખવો, ગુસ્સો આવે તો ઝબાન અને જઝબાત પર કબ્ઝો કરી સબરથી કામ લેવું, બાતિલના લોગો નઝદીક હક્ક ને નહીં છુપાવવો, સઝા કરવાની તાકત હોય તેના બાવુજૂદ મઆફ કરી દેવું, હુકૂમત હાથમાં આવે તો ઈન્સાફથી કામ લેવું, સખ્ત મુસીબત આવે તો અલ્લાહના ફેસલાથી રાઝી રહેવું, ગૈબની ચીઝો પર ઈમાન લાવી મીસાક આપવો, ઓછામાં ઓછી રોઝી પર ઝિંદગી બસર કરવી, ઝિંદગી બાસુકૂન અને જામેલી હોય તો દીનદારી, સખાવત અને પરહૈઝગારી કરવી વગૈરા.

શરીઅતના આ એહકામ એ શખ્સ વાસ્તે ઘણા જ આસાન છે જે ખુદની ઝાતને પહેચાનો હશે. ખુદની માઅરેફત જ એને અલ્લાહની માઅરેફત કરાવશે છે. આ જ બધી ચીઝો એના વાસ્તે પહાડથી પણ ઝિયાદહ ભારી છે, સખ્ત છે, જે પોતાને જ પહેચાની ન શકો હોય, તો ઝિંદગી કઈ તરહ પર ગુઝારવી તેની એને શું સમઝ પડશે ? ★

## -::: ઝરૂરી એલાન :::-

| | |
|---|---|
| **ધોરણ ૧ થી ૩ : ૯૦% યા તેથી વધુ** | **ધોરણ ૪ થી ૭ : ૮૦% યા તેથી વધુ** |
| **ધોરણ ૮,૯ અને ૧૧ : ૭૫% યા તેથી વધુ** | **ધોરણ ૧૦ (SSC) : ૮૦% યા તેથી વધુ** |
| **ધોરણ ૧૨ (HSC) સાયન્સ/કોમર્સ : ૭૫% યા તેથી વધુ** | **ગ્રેજ્યુએશન/પોસ્ટ ગ્રેજ્યુએશન : ૬૦% યા તેથી વધુ** |

કોઈ પણ માધ્યમ યા descipline માં તાઅલીમ લઈ રહેલા જમાઅતના હુશિયાર-હોશમંદ ફરઝંદો-દુખ્તરો જે ઉપર આપેલા કલાસોના ફાઈનલ ઈમ્તેહાનમાં અવ્વલ Performance અને આઅલા માર્કસ સાથે કામિયાબ થયેલા હોય એ તમામથી હમારી ગુઝારિશ છે કે, આ મહીનાની ૧૫ તારીખ તક કૌમી નૂરાની લિબાસમાં પોતાનો પાસપોર્ટ સાઈઝ ફોટો અને માર્કશીટની કોપી રૂા.૫૦/- સાથે મુકાસિર સાહબની ઓફિસ પર સવારે ૧૦ થી ૧૨ વાગા દરમિયાન રૂબરૂ આવી આપી જાય.ખુશીની બિના એ છે કે, આ સાલ website પર પણ અલ-હાદી મુજબ દીકરા-દીકરીઓના ફોટા અને વિગત મુકવામાં આવશે.

આ સિવાય મુમેનીનના ફરઝંદ-દુખ્તર માંથી કોઈએ સ્કૂલ-કોલેજ યા કોઈ પણ પ્રોજેક્ટ યા કોમ્પીટીશનમાં ગૈરમાઅમૂલી કાબિલે ઝિક્ર કારકિર્દગી હાસિલ કીધી હોય તો તેઓ પૂરી વિગત હમને પહોંચતી કરે. ઈન્શાઅલ્લાહ, હમેં હત્તલ ઈમ્કાન એની હોસલા-અફઝાઈ કરીશું અને Website ના “Shining Stars” ના માતહત એની ઝિક્રે ખૈર થાશે. ★

---

*(પેજ નં. ૬ નું બાકી)* ***ખૂબસૂરતી : કોસ્મેટીક યા અસલી.....***

મુમિનનું બાતિન પાકો સાફ અને બેદાગ થયું, તો અલ્લાહતઆલા એના ચહેરા પર નબીયો, વસીયો, ઈમામો અને દોઆતોનું નૂર અતા કરે છે, એને પછી કોઈ દુનિયાવી બદસૂરતીનો ખૌફ કે લોગોની પરવાહ રહેતી નથી. જન્નતી લોગોની ખૂબસૂરતીનું અસલ દાઅવતે હક્ક પર ઈમાન, તવક્કુલ અને તકવા છે. અલ્લાહતઆલાનો હમ્દો શુક્ર છે કે, તેએ હમને હુઝૂરેઆલી (ત.ઉ.શ.)ની દોઆના સબબ આ ત્રણે નેઅમતોથી નવાઝેલા છે. હમારી ઉમ્મીદ છે કે, અલ્લાહ હમને હમારા દાઈ સાથે ફાતેમી ઈમામોના જન્નતી દામનમાં વસનારા કરે. ★

---

નોંધ :- જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઈ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૧૦૦/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઈટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

**ઈન્સાન જે વકત મજબૂર થાય છે તો ઈમાનની પનાહ ઢૂંઢે છે અને જે વકત તાકતવાર હોય છે તો કુફ્રને ગલે લગાવે છે.**

## -::: હબ્લુલ્લાહ - અલ્લાહની રસ્સી :::-

અલ્લાહતઆલા કુરઆને કરીમની તીસરી સૂરત આલે ઈમ્રાનમાં ફરમાવે છે કે, **"વઅતસેમૂ બેહબલિલ્લાહે જમીઅવ વલા તફર્રકૂ વઝકોરૂ નેઅમતલ્લાહે અલયકુમ"**, યાઅની કે, અને તમેં સઘલા જ અલ્લાહની રસ્સીને મઝબૂતીથી પકડો અને છૂટા ન પડો અને તમને અલ્લાહતઆલાએ જે નેઅમતો આપી છે તેને યાદ કરો. આ આયતમાં રસ્સીની ઝિક્ર છે જેને પકડી રાખવાનો હુકમ છે, જેના સબબ તમેં અલગ-અલગ ગિરોહ ન થઈ જાવ. રસ્સીને પકડવું તે કેવું કે હાથમાંથી ન છૂટે, મઝબૂતી એવી કે રસ્સીની પકડ ઢીલી ન પડે. અલ્લાહતઆલાની આ રસ્સી દેખાતી નથી, ગૈબ છે પણ તેને સમઝાવવા વાસ્તે દુનિયામાં તેના જેવી મિસાલ અલ્લાહતઆલાએ મુકેલી છે. કોઈ ચીઝને લટકાવવા, ટેકો દેવા, પડવાથી બચાવવા, ખેંચવા, બાંધવા વગૈરામાં રસ્સીની ઝરૂરત પડે છે, જેથી તે ચીઝને બરાબર સંભાલી શકાય.

ઈન્સાન પણ પોતાની ઝિંદગીમાં ડગમગી જાય છે, લપસી જાય છે, સચ્ચાઈ પરથી ભટકી જાય છે, નેક રસ્તા પરથી લહેકી જાય છે યા શયતાનની લીસી વાતથી ફિસલી જાય છે. જે વક્ત એ ઈન્સાન ગુમ્રાહીના તૂફાનમાં ડગમગાવવા લાગે તો એને તૂફાનથી બચાવવા, **અલ્લાહના દીન તરફ લાવવા એક મઝબૂત રસ્સીના સહારાની ઝરૂરત પડે છે.** હબ્લુલ્લાહ યાઅની અલ્લાહની રસ્સી, જેની માઅના અલ્લાહની તૌહીદ, અલ્લાહ અને એના દાઈને અહદ-મીસાક આપવો, મીસાક-વચન આપા બાદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની શરીઅતે મુબારકાહના નાનામાં નાના હુકમને ઉચકવું, કુરઆને કરીમમાં બયાન થયેલા અલ્લાહના હર ફરમાનને માનવું, આ ફરમાનો સાથે આલે મોહંમદ-અલી (સ.અ.) ની મોહબ્બતો વલાયત રાખવી, અલ્લાહતઆલાની દાઅવતુલ હક્કના બધા જ હુદૂદે કિરામ કે, જે હુદૂદના પહેલા અકલે અવ્વલ છે અને છેલ્લા ઈમામુઝઝમાન (અ.સ.) છે, તેઓના દરજાઓમાં યકીન અને ઈમાન રાખવું છે.

આ આયતને બાબત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને સવાલ થયો કે, આ **"હબ્લુલ્લાહ"** શું છે ? તો તે વક્ત આપે અલી ઈબ્ને અબી તાલિબને તરફ ઈશારો કરીને ફરમાવું કે, "આ અલી હબ્લુલ્લાહ છે, અલ્લાહની રસ્સી છે. જે વક્ત સવાલીએ આ કલામ સાંભલા કે, ફૌરન મૌ. અલીને સીનાથી લગાવી લીધા અને કહ્યું કે, અય અલ્લાહ આ તારી રસ્સી છે અને તું શાહિદ રહેજે કે, મેં તારી રસ્સીને પકડી છે. સવાલીના આ કલામ પર નબી સાહબે ફરમાવું કે, જે શખ્સને શૌક હોય કે કોઈ જન્નતીને જોઈ તો એ આ શખ્સને જોઈ લે કે જેએ અલ્લાહની રસ્સીને પકડેલી છે, અલીથી મોઅતસિમ થયેલો છે.

આ જ આયતના બીજા હિસ્સામાં એ હુકમ છે કે, તમેં આ રસ્સીથી છૂટા ન થાજો કે જે રસ્સી તમારા વાસ્તે એક મોટી નેઅમત છે. આ નેઅમતની તમેં યાદ કરા કરજો, ભૂલજો ના. આ આયતની ખાસ તાકીદ એ છે કે, **રસ્સીને પકડી રાખવાના હુકમ સાથે એમ પણ ફરમાન છે કે, તમેં તેને છોડીને છૂટા ન પડજો.** હવે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના કૌલે શરીફ મુજબ હબ્લુલ્લાહ-અલ્લાહની રસ્સી, મૌ.અલી (અ.સ.) ની વલાયતથી જે શખ્સ વિલગી રહ્યો, એ જન્નતી છે અને જેએ મૌ.અલી (અ.સ.) ની માઅરેફત ન રાખી, આપના દરજા મુજબ આપની વલાયતનો હક્ક અદા ન કીધો, એ જહન્નમી છે. મતલબ કે, જે લોગો યા જમાઅતોએ મૌ.અલીના વસીએ મુસ્તફા હોવાના દરજાને ન ઓલખો તો તેઓએ પોતાના હાથમાંથી અલ્લાહની રસ્સી ને છોડી દીધી અને અલગ-અલગ ફિરકાઓમાં વહેંચાઈ ગયા.

દીનો દુનિયામાં ઈત્તેફાક, ઈત્તેહાદ અને એકોકારીની બુનિયાદ જ મૌ.અલી (અ.સ.) ના દરજા પર ઈમાન લાવવું છે. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"મારા બાદ મારી ઉમ્મતના ૭૩ ફિરકા થાશે જેમાં ૧ ફિરકો નાજીયાહ હશે."** આ ફિરકએ નાજીયાહ આલે રસૂલ અને કુરઆને કરીમને એક સાથે પકડી રાખશે. અલ્લાહતઆલાનો હમેં બેઈન્તેહા શુક્ર કરીએ કે, હમને ફિરકએ નાજીયાહમાંથી કીધેલા છે, નબી-વસીની માઅરેફત હમારા દિલમાં આપેલી છે, માઅરેફતના સબબ હમને જન્નતની ઝમાનત આપેલી છે અને આજે હમારા દાઈયુલ્લાહ સૈયેદના સાહબ (ત.ઉ.શ.) હમને હબ્લુલ્લાહથી વિલગી રહેવાની નેક નસીહત કરી રહ્યા છે. ★

**ખુદાની રહેમત એ શખ્સ પર જે ઝબાનને ખોલે તો બીજાને નુકસાન ન થાય.**

## -::: સૂરતુલ ફાતેહાના ફાયદા :::- કિસ્ત-૪

➢ **"એહદેનસ સિરાતલ મુસ્તકીમ"** ની આયતનાં ૧૯ હુરૂફની બયાની બાદ સૂરતુલ ફાતેહાની આખિરી આયતની તશરીહમાં અલ્લાહતઆલાની નેઅમત જે લોગો પર છે, તેનો ગુસ્સો-ગઝબ જે લોગો પર ઉતરો છે અને જે લોગો રાહે ઈસ્લામ છોડીને ગુમ્રાહ થઈ ગયા છે, તેની ઝિકિર છે. અલ્લાહતઆલાની બારગાહે સુબ્હાનીમાં બંદો દોઆ કરે છે કે, તું હમને સીધા અને સલામત રસ્તાની હિદાયત આપ, સચ્ચાઈ પર ચલાવ. એવા મુમેનીનનો રસ્તો બતાવ જેઓ વાસ્તે તુંએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બાદ મૌ. અલી (અ.સ.) ને મૌલા બનાવા. દીને ઈસ્લામમમાં મૌ. અલી સાહબે ઝુલફિકાર (અ.સ.) અને આપની ઔલાદની માઅરેફત કરવાનો વલાયતનો રૂકન નબી સાહબે લોગો પર ફરઝ કીધો, **જે મુમેનીન વાસ્તે મોટી નેઅમત છે અને તેઓ આ નેઅમતના સબબ સિરાતે મુસ્તકીમ પર છે તો, અય મારા રબ, તું મને મુમેનીનમાંથી બનાવ.** એવા લોગોના રસ્તાની તું મને હિદાયત ન આપ કે, જેઓએ મૌ. અલી (અ.સ.) ને એમના દરજા કરતા વધારે માના અને તારા ગઝબ-ગુસ્સાના હક્કદાર થયા, નૂસૈરીઓ જેમ યા જેઓએ આપ મૌલાને આપના દરજા કરતા ઓછા માના અને બાતિલપરસ્તીની રાહને ઈખ્તિયાર કરીને ગુમ્રાહ થયા, નાસિબી લાગો જેમ. આ બેવે તરહના લોગો પર અલ્લાહ અને અલ્લાહના મલાએકત (ફરિશ્તાઓ) ની લાઅનત વરસે છે. બીજી માઅનામાં યહૂદીઓ અને નસ્રાનીઓની છે કે, જેઓએ રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) પર ઈમાન લાવવાથી ઈન્કાર કરી દીધો અને અઝાબે ઈલાહીના મુસ્તહિક્ક થયા.

➢ **"સિરાતલ્લઝીન........ ઝાલ્લીન"** ના કુલ હુરૂફ ૪૪ થાય છે. આ હુરૂફને સૂરતુલ ફાતેહાની બાકીની તમામ આયતોના હુરૂફ સાથે મિલાવવામાં આવે તો "બિસ્મિલ્લાહ" સાથે આ સૂરતના કુલ હુરૂફ ૧૨૪ થાય છે, કેમકે, "બિસ્મિલ્લાહ" ની આયતે શરીફાહ પણ સૂરતુલ ફાતેહામાં શામિલ છે. આ ૧૨૪ હુરૂફ એ તરફ ઈશારો કરે છે કે, રબ્બુલ આલમીને કુલ અંબિયા (અ.સ.) ને પૈદા કીધા અને તે સઘલાની ગિન્તી ૧૨૪ હઝાર છે. જે શખ્સ આ સૂરતને એના સહી માઅનામાં પઢશે અને સમઝશે તો અલ્લાહતઆલા એને અંબિયાની ઉમ્મતોના સવાબની મિસિલ અજરો જઝા ઈનાયત કરશે. **એનો હશર-નશર, હિસાબ-કિતાબ તમામ સિદ્દીકૂન-સાલેહૂન (સાચા અને નૈક લોગો, અઇમ્મત અને દોઆત (અ.સ.)) અને અંબિયાએ કિરામ સાથે થાશે.** અજબ, આ સૂરતની તિલાવતમાં તાસીર અને ખૂબી છે કે, તેને સિદક દિલથી અને ખાલિસ નિય્યતથી પઢનારના તમામ મકસદો અને હાજતો રબ્બુલ ઈઝઝત અતા ફરમાવશે. આની શરત એ જ છે કે, તેને પઢનાર શખ્સ અકલે હલાલ-હલાલ રોઝીથી જમન જમનાર હોય અને સિદક મકાલ- હર વકત સાચું બોલનાર હોય. આ સિફતથી અમલ કરનાર અને તેનો વઝીફો કરનાર-વિર્દ કરનાર સાહબે કમાલ કહેવાશે. ★

---

*(પેજ નં. ૧૨ નું બાકી)* ***૧૨ સુન્નતો.....***

આવી છે, હક્ક આપવામાં આવો છે. લેહાઝા, જેના સાથે જેટલો નઝદીકનો રિશ્તો હોય તેની પહેલાં ખબર રાખે, તેને હમેશા મિલતો રહે, તેનું જે કામકાજ હોય તો તેને પોતાના માલમાંથી મદદ કરે, તેની હરએક મુશ્કિલ હલ કરવાની કોશિશ કરે. સગાઓથી દુશ્મની ન રાખે, કેમકે મુમિન વાસ્તે સૌથી પહેલો આસરો સગાઓનો છે. તેઓમાં જે ઝઈફ હોય તેને ઈઝઝત બખ્શે, હમઉમ્ર-સરખી ઉમ્ર હોય તેનો સાથ લે અને કમસિન-નાના હોય તેના પર મહેરબાની કરે. તેઓને જમવા વાસ્તે બોલાવતો રહે અને તેઓમાંથી જે કોઈ એને જમવા બોલાવે તેના ત્યાં જાવામાં હાઁ-ના ન કરે, આનાકાની ન કરે. મોહબ્બત કાઈમ રાખવા પોતે હદીયા પૈશ કરતો રહે અને કોઈ પણ તરહનો હદીયો તેઓ આપે તો એ ખુશી સાથે કુબૂલ કરી લે. ★

**મોટામાં મોટો ધોકો પૈસા પર ગુરૂર કરવો છે.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ■ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**ઊભી તરકીબ :**

(૧) દોઆ યા કુરઆન પઢનાર શખ્સ. (૨)

(૨) -------, ઈમાનનો એક હિસ્સો છે.(૩)

(૩) -------- માં સુઈ રહેવું, રોઝીને રોકી દે છે. (૩)

(૭) કુસૂર, ઓછપ, કિલ્લત.(૨)

**આડી તરકીબ :**

(૨) શરાફત રાખનાર શખ્સ.(૩)

(૪) જન્નતના જમાલદાર ખાતૂનો. (૨)

(૫) સૈ. અલી (ક.રૂ.)ની કબરે મુબારકની ------ હક્ક છે જ્યાં મોઅજિઝો ઝાહિર થયો. (૨)

(૬) ફરૈબ, ધોકા. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**

| | | | | |
|---|---|---|---|---|
| | | આ | | |
| | હ | સ | ન | |
| ર | ઝા | ■ | જ | ઝા |
| | ર | ઇ | સ | |
| | | દ | | |

★

**ગયા શુમારાનો ખુલાસો : મોકર્રમા ઝુલફિકાર ભાઇસાહેબ**

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : **મોહંમદહુસૈન હુસામુદ્દીન કાચવાલા**
વફાતની તારીખ : ૧૨ જુ.ઊખરા ૧૪૩૨ / ૧૫-૫-૧૧.
સરનામું : રિયાઝ એપાર્ટમેન્ટ, આજવા રોડ, વડોદરા.
ફોન : ૯૩૭૭૩૧૬૫૧૬

---

નામ : **મરિયમબુ ફિદાઅલી અત્તરવાલા**
વફાતની તારીખ : ૨૧ જુ.ઊખરા ૧૪૩૨ / ૨૪-૫-૧૧
સરનામું : ઊમલ્લા.
ફોન : ૯૩૭૪૮૬૭૧૮૬

---

નામ : **બાનૂબુ અમીરૂદ્દીન રાજપીપલાવાલા**
વફાતની તારીખ : ૨૧ જુ.ઊખરા ૧૪૩૨ / ૨૪-૫-૧૧
સરનામું : તૈયેબી પાર્ક, આજવા રોડ, વડોદરા.
ફોન : ૨૫૬૭૫૫૧

---

નામ : **આતેકાબુ અલીહુસેન અત્તરવાલા**
વફાતની તારીખ : ૨૨ જુ.ઊખરા ૧૪૩૨ / ૨૫-૫-૧૧
સરનામું : વરલી, મુંબઈ.
ફોન : ૯૩૭૪૯૩૩૫૮૦

---

નામ : **મુલ્લા ફિદાહુસેન મુલ્લા અકબરઅલી ઝરીવાલા**
વફાતની તારીખ : ૨૬ જુ.ઊખરા ૧૪૩૨ / ૨૯-૫-૧૧
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
ફોન : ૯૮૯૮૦૬૪૬૧૬

---

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)


## -::: ઝાહેર ખબર :::-

**બદરી સ્વીટસ**

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,* વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ ★


## -::: અહકામ :::-

- ફકત અલ્લાહ જલ્લા શાનોહુની જ **ઇબાદત** કરવામાં આવે અને એના સાથે કોઈને શરીક નહીં માનવું જોઈએ.
- અલ્લાહની ઈબાદત સાથે માઁ-બાવાજી સાથે એહસાન, રહેમદિલી, તવાઝોઅ, અદબ અને **બેહતર સુલૂક** કરવો જોઈએ.
- અહલો અયાલ, કરાબતદાર, રિશ્તેદારો, મિસ્કીનો અને હાજિતમંદોના **હુકૂકને** તેમના હક્ક મુજબ અદા કરવા જોઈએ.
- પૈસા ખર્ચ કરવામાં **એઅતેદાલ** કરવો જોઈએ, દરમિયાની રવૈયો પસંદ કરવો, ન ઝિયાદહ ન કમ. ★

**જે નૈકી કરશે તે ઝિયાદહ બોલે નહીં, અને જે ઝિયાદહ બોલશે તે નૈકી કરે નહીં.**

-::: ઝાહેર ખબર :::-


## માસુમા બુટીક

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ,
પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાચા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬,
૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★

---

## રૂબી કલેક્શન

**# ફેન્સી રિદા અને મટેરીયલ # ટી શર્ટ ઇઝાર-પાઇજામા # ફેન્સી લેસ # ફેન્સી જોડી # બધા જ પ્રકારના કોટન ડ્રેસીસ તથા મટેરીયલ**

**સુલેમાની બેંક પાસે, એમ.ઇ.એસ ગર્લ્સ સ્કૂલ સામે, ગેંડીગેટ, વડોદરા.**

**મો.: ૯૯૯૮૦૫૮૦૫૭. ★**

---

## SAT KABIR MOTORS

✻ Service & all type of Repairs for all Car's
✻ CNG & LPG Govt. Approved Kit Fitting.
✻ Service with Quality, Confidence & Honesty.
✻ Sp. Offers :- 10% discount on Mechanical Labour Work.

Manager : **M. S. PAGHDIWALA** M.: 9824058318
Ph.(Office) : 2361318 / 9824032629

**Address : Opp. Phoenix Complex, Near Suraj Plaza Building, Sayajigunj, Vadodara - 390 005.** ★

---

## એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફલેટસ, ટેલીફોન એકસચેન્જ,
પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★


-::: ઝાહેર ખબર :::-


## IMAGE ACCOUNTANCY

Ibrahim H. Tinwala
M.: 9898442032
Contact for all types of computer accounting work, sales tax return manual & vat-e-return, CST-e-return & Personal return.

## ZULFI TRAVELS

Zulfiqarali H. Tinwala
M.: 9974382384 (R) 2510639
Govt.Authorised IRCTC Railway Agent
Contact for all types of
Railway ticket booking, Air & Bus Booking.

**B-203, Sakina Appt., Taiyebi Park Society, Ajwa Road, Vadodara.** ★

---

## દેસી ટ્રીટ

**જમાઅતમાં પહેલી વાર.....**
**લાજવાબ છે સ્વાદ, ઝબાન રાખે યાદ**
**પૂરી સર્વીસ સાથે કોઇ પણ ખુશીના પ્રસંગે વાનગીઓ કે થાલના ઓર્ડર લેવાશે....**

જીએફ-૬, સાંઇ વિહાર એપાર્ટમેન્ટ, એમ્પરરની
સામે, ફતેહગંજ, વડોદરા - ૦૨.

**મઝહર જે. શીરાવાલા**
**Ph.: 2780792, 9574957695.** ★

---

## બુરહાની સ્વીટ માર્ટ

**દરેક પ્રકારની મીઠાઇના ઓર્ડર ઉપર પુરતુ ધ્યાન આપવામાં આવશે.**
**જુના અને જાણીતા પ્રખ્યાત મીઠાઇવાલા**
***એક વખત પધારી, ખાત્રી કરો.***

૩૦૬, સકીના એપાર્ટમેન્ટ, રામપાર્ક, આજવા રોડ,
વડોદરા - ૩૯૦ ૦૧૯..

**અબ્બાસભાઇ મીઠાઇવાલા**
**મો.: ૯૮૯૮૬૮૪૪૧૨ / ૯૮૯૮૧૯૬૯૪૩.** ★


---

**ખરાબ આદતોની ગુલામી બદતરીન ચીઝ છે.**

## -::: ૧૨ સુન્નતો :::-
## કરાબતદાર-સગાઓ સાથે ખુશ તરીકાથી રિશ્તો રાખવો - કિસ્ત : ૧

૧૨ સુન્નતોનો સિલસિલો છેલ્લા કેટલાક શુમારાથી જારી છે, જેમાં "માઁ-બાવાજી સાથે નૈક સુલૂક" ની બયાની કારેઈનની ખિદમતમાં પૈશ થઇ ચૂકી છે. રસૂલુલ્લાહ બાવાજીએ આપની આ મુબારક સુન્નતોની હમને હિદાયત આપીને હમારા નઝદીક એવા આઅલા અખ્લાકના નુસ્ખા મુકેલા છે કે, જેથી હમેં હમારા સમાજને બુનિયાદી તૌર પર ઈસ્લામી તાઅલીમાત અને તૈયેબી રૂસૂમાતથી મઝબૂત બનાવીને તરક્કી અને ખુશહાલીની મંઝિલ તરફ લઇ જઇ શકીએ. ઈન્સાનને પોતાની ઝિંદગી ગુઝારવા વાસ્તે મઆશેરાહ-સમાજ-સોસાયટીની ઝરૂરત પડે છે, રિશ્તેદારોનો સાથ દરકાર હોય છે અને એ પોતાનું દુઃખ-દર્દ દૂર કરવા નઝદીકના લોગોથી મદદ તલબ કરતો હોય છે. લેહાઝા, રિશ્તેદારોની આ નાઝુક દોરીને મોહબ્બત-ઈખ્લાકની ગાંઠોથી મઝબૂત કરવા હમારા નબી સાહબે જે નુકતાઓ બયાન ફરમાવા છે, તેનું યહાઁ મુખ્તસર બયાન ઈન્શાઅલ્લાહ હમેં કિસ્તવાર કરીશું.

ઈન્સાન આ દુનિયામાં જે વક્ત પૈદા થાય છે, તો રિશ્તેદારીનો લિબાસ પહેરીને પૈદા થાય છે. કોઇ એવો ઈન્સાન હોય જ નહીં કે જેના સાથે કોઈની રિશ્તેદારી ન હોય. પોતાના માઁ-બાવાજી સિવાય ઈન્સાનના કુલ ૧૨ અહમ અને નઝદીકના સગાઓ-રિશ્તેદારો છે : (૧) પોતાના દીકરા-દીકરીઓ (૨) માઁ-બાપ જણ્યા સગા ભાઈ-બહેનો (૩) બાપ જણ્યા ભાઈ-બહેનો (૪) માઁ જણ્યા ભાઈ-બહેનો (૫) દાદા (૬) દાદી (૭) નાના (૮) નાની (૯) કાકા (૧૦) ફઈ (૧૧) મામા (૧૨) માસી.

ઉપર મઝકૂર નઝદીકના તમામ કરાબતદાર સિવાય એમના ફરઝંદો અને દુખ્તરો વગૈરાહ જેટલા રિશ્તેદારો હોય તે તમામ સાથે ખુશ-મુલાકાત અને અવર-જવર રાખે. જો કોઇ મુમિનના રિશ્તેદારો એની સાથે તઅલ્લુક તોડી નાંખે, વાતચીત બંધ કરી દે, તો પણ એ પોતાના તરફથી રિશ્તેદારો સાથે તઅલ્લુક ન તોડે. તેઓ એને આપે યા ન આપે પણ એની ઉપર વાજિબ છે કે, એનાથી જે બની શકે તે તોહફા-હદીયા યા તકાઝએ મોહબ્બત તેઓને અતા કરે. તેઓ એને દૂર કરે તો પણ એ પોતાના સગાઓથી નઝદીક થાવાની કોશિશ કરતો રહે. સગાઓ એના સાથે ઉલ્ફત-મોહબ્બત રાખે યા ન રાખે પણ એ તો તેઓને મોહબ્બત કરતો જ રહે.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, રિશ્તેદારોને પણ એક-બીજા પર ફઝીલત આપવામાં *(બકીયાહ પેજ નં. ૯ પર)*

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★